# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-10-2026** **Evening: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશવી મેહતા વાંચે છે.

******************************************************

1) ભારતના, ન્યાયમૂર્તિ સૂર્યકાંતે કહ્યું, સર્વોચ્ચ અદાલતના દરવાજા દરેક માટે ખુલ્લા.

2) નવી દિલ્હીમાં આજથી બ્રિક્સ થિયેટર મહોત્સવનો પ્રારંભ - ભારત સહિત આઠ દેશ ભાગ લેશે.

3) નવી દિલ્હીમાં ભારત-યુકે સંયુક્ત આર્થિક અને વેપાર સમિતિની 16મી બેઠકમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે વર્ષ 2030 સુધીમાં બંને દેશના દ્વિપક્ષીય વેપારને બમણો કરવાની હાકલ કરી.

4) ભારતીય સેના અને ભારતીય ખાધ્યસામગ્રી નિગમ વચ્ચે નવી દિલ્હીમાં કરાર પર હસ્તાક્ષર.

5) અમેરિકાના અર્થશાસ્ત્રીઓ રોબર્ટ ઇ. હોલ અને માઇકલ વુડફોર્ડને અર્થશાસ્ત્રના 2026ના નોબેલ પુરસ્કારની જાહેરાત.

****************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CJI - INDIA BLOCK MEETING

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે કહ્યું છે કે સર્વોચ્ચ અદાલતના દરવાજા દરેક માટે ખુલ્લા છે અને કોઈપણ સામાન્ય નાગરિક અથવા ચૂંટાયેલી સંસ્થાના સભ્યની કોઈપણ અરજીનું સ્વાગત છે. તેમણે કહ્યું કે દરેક ભારતીય નાગરિકને અદાલતનો સંપર્ક કરવાનો અધિકાર છે, અને અદાલતના તેમની ચિંતાઓ સાંભળશે અને કાયદા હેઠળ જે પણ રાહત મળશે તે આપશે.

ઈન્ડિયા બ્લોકની મીટિંગની માંગણીનો જવાબ આપતા, ન્યાયમૂર્તિ સૂર્યકાંતે કહ્યું કે તેમને ગઈકાલે એક પત્ર મળ્યો હતો જેમાં મુલાકાત માટે વિનંતી કરવામાં આવી હતી અને ગઈકાલે રાત્રે જવાબ આપ્યો હતો, જેમાં તેઓ શા માટે તેમને મળી શક્યા નથી તેની સ્પષ્ટતા કરી હતી.

# BRICS THEATRE 2026

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે નવી દિલ્હીમાં બ્રિક્સ થિયેટર મહોત્સવનું 2026નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા, શ્રી શેખાવતે કહ્યું કે જ્યારે વિશ્વ ભૂ-રાજકીય તણાવ, સંઘર્ષો અને વધતી જતી અનિશ્ચિતતાઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે સંસ્કૃતિ સંવાદને પ્રોત્સાહન આપવા, વિશ્વાસ બનાવવા અને વૈશ્વિક સંવાદિતાને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. થિયેટરના સાર્વત્રિક આકર્ષણ પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે પ્રેમ, દુઃખ, હિંમત અને સ્વતંત્રતાની ઇચ્છા જેવી લાગણીઓ ભાષાકીય અને સાંસ્કૃતિક તફાવતોથી પર છે.

આકાશવાણી સમાચાર સાથે ખાસ વાત કરતા, રાષ્ટ્રીય નાટય અકાદમી NSDના નિર્દેશક, ચિત્તરંજન ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ત્રણ દિવસના મહોત્સવમાં દસ નાટ્ય જૂથો અગિયાર નાટકો રજૂ કરશે.

(બાઇટ : ચિત્ત રંજન)

બુધવાર સુધી ચાલનારા આ મહોત્સવમાં ભારત, થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, રશિયા, વિયેતનામ, ઈરાન, દક્ષિણ આફ્રિકા, કઝાકિસ્તાન અને ઇથોપિયાના દેશ ભાગ લેશે.

# MANSUKH MANDAVIYA BRICS

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પરંપરાગત રમતોને દેશોની સાંસ્કૃતિક ઓળખ, વારસો અને પેઢી દર પેઢી સચવાયેલી પરંપરાઓને જોડતું સશક્ત માધ્યમ ગણાવી. અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રમતગમત મંત્રાલય દ્વારા રાજ્ય સરકારના સહકારથી આયોજિત બ્રિક્સ પરંપરાગત અને દેશી રમતગમત પ્રદર્શન સ્પર્ધાનો પ્રારંભ કરાવતા શ્રી માંડવિયાએ કહ્યું, ગુજરાતમાં પહેલી વાર યોજાઈ રહેલા પરંપરાગત અને સ્વદેશી રમતોના મહોત્સવથી રમતગમતની સમૃદ્ધ પરંપરાના સંરક્ષણ અને સંવર્ધનને વેગ મળશે. તેમણે કહ્યું, દેશમાં રમતગમતનું માળખું વધુ સુદ્રઢ બનાવવા મેદાનથી લઈ વૈશ્વિક સ્તર સુધીની તકનું નિર્માણ થઈ રહ્યું છે.

શ્રી માંડવિયાએ રમતગમતને સ્પર્ધાથી આગળ વધારી સર્વસમાવેશક વિકાસ, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને આંતરરાષ્ટ્રીય સહયોગનું માધ્યમ બનાવવા અનુરોધ કર્યો.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION SPORTS MINISTER)

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બ્રિક્સ દેશોને પરંપરાગત રમતોના સંરક્ષણ માટે સંયુક્ત પ્રયાસ કરવા અપીલ કરી.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં બ્રિક્સ દેશોએ પરંપરાગત અને સ્થાનિક રમતોનો સાંસ્કૃતિક વારસો પ્રદર્શિત કર્યો. તે મુજબ, ભારત મલખંભ, યોગાસન, કલરિપયટ્ટુ, બેલારુસ ગોરોડકી, બોલિવિયા લુચા ડી ચોલિટાસ, ટિંકુ, રાયુએલા, ટ્રોમ્પો,

કેચીનાસ અને કેરેરા ડી સાયકોસ, બ્રાઝિલ ઝારાબતાના સ્વદેશી બ્લોપાઇપ, કોરિડા ડી ટોરસ લોગ રેસ, બ્રાઝિલિયન પેરા-જિયુ-જિત્સુ અને કેપોઇરા, ચીન: વુશુ, લાયન ડાન્સ અને હેલ્થ કિગોંગ, કઝાખસ્તાન અસિક અતુ, તોગીઝકુમલાક અને કઝાક કુરેસી, રશિયા ગોરોડકી અને સામ્બો, દક્ષિણ આફ્રિકા કાગતી અને ઈન્ટોંગા અને સંયુક્ત આરબ અમીરાત: અલ તબ્બાહ રમતનું પ્રદર્શન કરશે.

# BJP CONGRESS

ભારતીય જનતા પાર્ટીએ વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી પર સંવૈધાનિક સંસ્થાને નબળી પાડવા સહિતના ગંભીર આરોપ લગાવ્યા છે. નવી દિલ્હીમાં આજે પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના વરીષ્ઠ નેતા અને સાંસદ અનુરાગ સિંહ ઠાકુર આ આરોપ લગાવ્યો હતો.

# GOYAL - INDIA UK

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વર્ષ 2030 સુધીમાં ભારત-યુકે દ્વિપક્ષીય વેપારને બમણો કરવાની હાકલ કરી છે. શ્રી ગોયલે આજે નવી દિલ્હીમાં ભારત-યુકે સંયુક્ત આર્થિક અને વેપાર સમિતિ (JETCO) ના 16મા સત્ર હેઠળ JETCO બિઝનેસ પ્લેનરીને સંબોધતા આ વાત કહી શ્રી ગોયલે સતત જોડાણ, મજબૂત સંસ્થાકીય પદ્ધતિઓ અને ઉન્નત સહયોગ દ્વારા ભારત-યુકે આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચાર કર્યો . મંત્રીએ વેપાર અવરોધોને દૂર કરવા અને વ્યવસાય-થી-વ્યવસાય જોડાણને વધુ મજબૂત બનાવવા ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારનો અસરકારક રીતે ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો.

શ્રી ગોયલે કહ્યું કે ભારત સ્માર્ટફોન, ઔષધીય ઉત્પાદનો, ઘરેણાં, કાપડ, ચામડાની ચીજવસ્તુઓ, ચોખા અને ચોક્કસ કૃષિ ઉત્પાદનો, આયર્ન મશીનરી ભાગો અને ઓટો ઘટકોનો મુખ્ય નિકાસકાર છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV RAJNATH - SELF RELIANCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે શસ્ત્રો અને ટેકનોલોજીથી લઈ કપડાં, સાધનો અને તાલીમ સુધીના તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા અને આધુનિકીકરણ પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજે નવી દિલ્હીમાં ભારતીય સેના અને ભારતીય ખાધ્ય સામગ્રી નિગમ વચ્ચે થયેલા કરાર પર હસ્તાક્ષર પ્રસંગે બોલતા શ્રી સિંહે કહ્યું કે, ભારત હવે તેની સંરક્ષણ જરૂરિયાતોનો નોંધપાત્ર હિસ્સો સ્થાનિક સ્તરે ઉત્પન્ન કરે છે. તેમણે કહ્યું કે જ્યારે સરકાર જવાનોની સારો ખોરાક, યોગ્ય સાધનો, ગુણવત્તાયુક્ત તાલીમ અને પૂરતી સુવિધાઓ પૂરી પાડે છે, ત્યારે તે તેમના મનોબળને વધારવામાં મદદ કરે છે.

(બાઇટ : રાજનાથ સિંહ on જવાન)

આ કાર્યક્રમ દરમિયાન, સંરક્ષણ મંત્રી અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ જથ્થા શિયાળાના સ્ટોકિંગ માટે કરનાલથી ઉત્તરી કમાન્ડ સુધી 200 મેટ્રિક ટન ચોખા લઈ જનારા ટ્રકોના કાફલાને વર્ચ્યુઅલી લીલી ઝંડી બતાવી હતી

# SEVASANKALP ABHIYAN INTERNATIONAL YOGA DAY

પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે.તેઅંગે આજે, અમારી વિશેષશ્રેણીમાં આપસાંભળશો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલ અંગે

(વોઇસકાસ્ટ : જયેશ પટેલ)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014 માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવને અનુસરીને સંયુક્ત રાષ્ટ્રએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો. વર્ષ 2015થી, સમગ્ર વિશ્વમાં યોગ દિવસ ઉજવાય છે. તેનાથી યોગને વૈશ્વિક માન્યતા મળી છે અને શારીરિક સ્વાસ્થ્ય, માનસિકશાંતિ અને સંતુલિત જીવનશૈલી વિશે જાગૃતિ વધી છે. યોગથી આપણને આત્મવિશ્વાસ અને મનોબળ મળે છે, જેના થકી આપણે સંકટને હરાવી અને જીત મેળવી શકીએ છીએ. યોગથી માનસિક શાંતિ અને સંયમ મળે છે અને સહનશક્તિમાં વધારો થાય છે. આયુષ મંત્રાલય, વિવિધ સંસ્થાઓ સાથે મળીને, દેશભરના લોકો સુધી યોગ પહોંચાડવા જાગૃતિ કાર્યક્રમ, સામૂહિક યોગસત્રો અને તાલીમ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)

દેવભૂમિ ઉત્તરાખંડ યોગ અને આધ્યાત્મિકતા સાથે ઊંડો સંબંધ ધરાવે છે. ઋષિકેશ યોગ અને ધ્યાન માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે વિશ્વભરમાંપ્રખ્યાત છે. હિમાલય અને ગંગા સાથે તેનો આધ્યાત્મિક વારસો ભારત અને વિદેશના લોકોને આકર્ષે છે. આ સમૃદ્ધ વારસાને પ્રોત્સાહન આપવા ઉત્તરાખંડ સરકારે યોગ નીતિ 2025 લાગુ કરી છે.

તેનો ઉદ્દેશ ઉત્તરાખંડને યોગ અને સુખાકારી માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે વિકસાવવાનો છે. રાજ્ય સરકારે વર્ષ 2030 સુધીમાં પાંચ નવા યોગ કેન્દ્ર વિકસાવવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. આ પહેલનો ઉદ્દેશ યોગપ્રવાસનને પ્રોત્સાહન આપવા, સ્થાનિક રોજગારની તકનું સર્જન કરવાનો અને ઉત્તરાખંડના સમૃદ્ધ યોગ વારસાને વધુ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવાનો છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો સંદેશ એ છે કે યોગ માત્ર કસરતનો એક પ્રકાર નહીં, પરંતુ સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવાનો એક માર્ગ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલ દ્વારા મળેલી વૈશ્વિક માન્યતા, ઉત્તરાખંડનાસમૃદ્ધ યોગ વારસા સાથે, આ સંદેશને સમગ્ર વિશ્વમાં ફેલાવવામાંમહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે

જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ)

# NOBEL PRIZE ECONOMICS

અર્થશાસ્ત્રનો 2026નો નોબેલ પુરસ્કાર અમેરિકાના અર્થશાસ્ત્રીઓ રોબર્ટ ઇ. હોલ અને માઇકલ વુડફોર્ડને અપાશે. તેજી અને મંદી દરમિયાન અર્થતંત્રને સ્થિર કરવામાં નીતિ નિર્માતાઓને મદદ કરતા અર્થતંત્રની કામગીરીને સમજવા વિશ્લેષણાત્મક માળખાની વિકસાવવા બદલ તેમને આ પૂરસ્કારથી સન્માનિત કરાશે. રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસે જણાવ્યું હતું કે તેમના કાર્યથી રાજકોષીય અને નાણાકીય નીતિઓ માટે સૈદ્ધાંતિક આધાર મજબૂત થયો છે અને સરકારો અને કેન્દ્રીય બેંકોની આર્થિક વધઘટનો સામનો કરવાની ક્ષમતામાં સુધારો થયો છે.

નોબેલ સમિતિએ જણાવ્યું હતું કે, અર્થશાસ્ત્રીઓએ ઘરગથ્થુ અને વ્યવસાયો ભવિષ્યની આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ખર્ચ, બચત, રોકાણ અને કિંમત નિર્ધારણ વિશે નિર્ણયો કેવી રીતે લે છે તેના આધારે મોડેલો વિકસાવ્યા છે. રોબર્ટ ઇ. હોલ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક  છે, જ્યારે માઇકલ વુડફોર્ડ કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક છે. આ પુરસ્કારમાં 12 મિલિયન સ્વીડિશ ક્રોનરનો પુરસ્કાર છે, જે બંને વિજેતાઓ વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે.

## DEFENCE MINISTER- FELICITATES ATHLETES

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જાપાનમાં તાજેતરમાં પૂર્ણ થયેલી એશિયન ગેમ્સમાં 27 ચંદ્રક જીતવા બદલ ત્રણેય સેનાઓના ખેલાડીઓનું આજે સન્માન કર્યું. રમતવીરોએ છ સુવર્ણ , અગિયાર રજત અને દસ કાંસ્ય ચંદ્રક જીત્યા, જે ભારતના 85 મેડલના કુલ આંકડામાં નોંધપાત્ર યોગદાન છે. શ્રી સિંહે રમતવીરોની શિસ્ત, સખત મહેનત અને ટીમ ભાવનાની પ્રશંસા કરી.

(BYTE- RAJNATH SINGH)

શ્રી સિંહે રમતવીરો અને ટ્રેનર્સને 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક પ્રત્યે કેન્દ્રિત અભિગમ અપનાવવા પણ વિનંતી કરી.